પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/કવા–૦૩/૧૬–૧૭/ ૬૫૧૮ તા. ૨૧/૧૦/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ગિરીરાજ સ્ટીલ ઈન્ડ.,
પંચાસર રોડ,,
જી.આઈ.ડી.સી.,
વાંકાનેર–૩૬૩ ૬૨૧
મો: ૯૮૨૫૩ ૦૩૩૭૭

વિષય :–ઓડિટ રીકવરી બીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૪/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ દ્વારા તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-.૮.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે

No:- 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૪/કવા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૧૪–૧૦–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: ગિરીરાજ સ્ટીલ ઈન્ડ., ગામ: વાંકાનેર

રજુઆત કરનાર : ગિરીરાજ સ્ટીલ ઈન્ડ.શ્રી ના પ્રતિનીધી તરીકે નિગમ શાંતીલાલ ઘોરીયાણી હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર)

રજુઆત કરનાર :એન.આઈ. પ્રજાપતી, નાયબ ઈજનેર શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

## : હુકમ :

ફરીયાદ : ઓડિટ રીકવરી બીલ બાબત

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મોખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે તેઓ શ્રી ના, મુળ એલટીપી–૧ પ્રકાર ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ કે જેમા અરજદારે સદર જોડાણ ને એલટીપી–૧ બીલીગ કેટેગરી માથી ( મુળ કરારીત એવા ૫૧ કીવો ના વીજભાર વાળા જોડાણ નુ બીલીગ, કરારીત એવા ૫૧ કીવો વીજભાર ને બદલે, વધુમા વધુ વીજવપરાશી એવા ૨૪ કીવો નો વીજભાર મુકરર કરી, અને તે મુજબ વપરાશી ૨૪ કીવો ની ગણતરી હેઠળ નુ બીલીગ કરવા સબબ ની તબ્દીલી) એલટીપી–૩ હેઠળ ની તબ્દીલી, જે નવેમ્બર –૨૦૦૨ ની સ્થીતીએ પીજીવીસીએલ દ્વારા મંજુર કરાવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, તેમના સદર ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા, ૫૧કીવો ના કરારીત વીજભાર ને બદલે, ૨૪ કીવો વીજવપરાશી વીજભાર મુજબ (બીલીગ ડિમાન્ડ – એમડી) ડિમાન્ડ બેઈઝ ટેરીફ પ્રમાણે નુ બીલીગ, જે મે–૨૦૧૬ સુધી કરવામા આવેલ છે. ત્યારબાદ, પીજીવીસીએલ તરફથી, અચાનક જ, કોઈપણ પ્રકાર ની આગવી જાણકારી / સુચના / નોટીસ આપ્યા વગર, તેમના સદર જોડાણ ને, માહે સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસર થી, એટલેકે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના, અગાઉ ના ૫૭ મહિના ના બીલો ને, '' એલટીપી–૩ ની બીલીગ કેટેગરી ( ડિમાન્ડ બેઈઝ બીલીગ માથી) એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી મા'' તબ્દીલ કરી, અને તે અન્વયે, સદર ૫૭ માસ ની તફાવતીય એવી હિસાબકીય બીલીગ ની કુલ રકમ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ નુ પુરવણીબીલ, જે માહે મે–૧૬ ના બીલ મા ઉધારી અને બીલ આપી, અને તે મુજબ ની પાશ્ચ્યાત અસર ની રીકવરી, જે ઓડિટ અન્વયે અપાયેલ છે. |
| ૧.૨ | ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સદર પુરવણી બીલ બાબતે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને મળેલ સ્પષ્ટતા મુજબ, ૪૦ કીવો થી વિશેષ કરારીત વીજભાર ધરાવતા એવા અગાઉ ના, એલએફડી–૨, એલટીપી–૧, એલટીપી–૨, એલટીપી–૩ મુજબ ના બીલીગ કેટેગરી વાળા જોડાણો ને, જીઈઆરસી ના, સપ્ટેમ્બર–૨૦૧૧ થી અમલમા રહેલ એવા, '' બીલીગ ટેરીફ ઓર્ડર '' ની શરતો હેઠળ આવરી લઈ, અને આવા જોડાણો નુ બીલીગ, '' એલ.ટી.એમ.ડી '' બીલીગ કેટેગરી હેઠળ કરવાની જોગવાઈ છે. જેથી, જીઈઆરસી ના સદર ટેરીફ ઓર્ડર મુજબ, અરજદાર શ્રી નુ સદર એલ.ટી.પી–૩ બીલીગ કેટેગરી વાળુ જોડાણ, જે સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસર થી જ, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ, તબ્દીલ થવાને પાત્ર હોય–પરંતુ મે–૧૬ સુધી, તેઓ શ્રી નુ સદર જોડાણ આ મુજબ તબ્દીલ થયેલ ન હોય – આવા કારણોસર તેઓ શ્રી ના સદર જોડાણ ને, '' સપ્ટેમ્બર–૧૧ થી મે–૧૬ સુધી ના સમયગાળા માટે – એલટીપી–૩ માથી, એલ.ટી.એમ.ડી ના બીલીગ ટેરીફ હેઠળ'' તબ્દીલ કરી અને જે સદર ૫૭ માસ દરમ્યાન ના તફાવતીય બીલીગ ગણતરી અન્વયે ની કુલ રકમ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ નુ. જે સવાલવાળુ પુરવણી બીલ મે–૧૬ ના બીલ મા અપાયેલ છે. તે બીલને પીજીવીસીએલ તરફથી યોગ્ય ઠરાવેલ હોવાની પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી અપાયેલ છે. |

| | |
|---|---|
| ૧.૩ | ફરીયાદી અરજદાર શ્રી, તેમની રજુઆતના ઉપરોકત મુદદા નં. ૧.૧ અને મુદદા નં. ૧.૨ માહેની વિગત ના અનુસંધાને, વિશેષ સ્પષ્ટતાઓ આપતા જણાવે છે કે, તેઓ શ્રી એ તેમનુ સદર એલટીપી–૧ મુજબ નુ જોડાણ, જે અગાઉ માહે નવેમ્બર –૨૦૦૨ ની સ્થિતીએ, એલટીપી–૧ બીલીગ કેટેગરી માથી એલટીપી–૩ બીલીગ કેટેગરી મા તબ્દીલ કરાવેલ હોવાની મંજુરી પીજીવીસીએલ દ્વારા અગાઉ મેળવેલ છે જ. અને તે મંજુરી મુજબ તેમના સદર જોડાણ મા ખરેખર ડિમાન્ડ બેઈઝ ટેરીફ મુજબ નુ બીલીગ – એટલેકે મુકરર કરેલ ૨૪ કીવો ના વીજભાર થી ઓછા વીજભાર નુ બીલીગ, જે નવેમ્બર –૨૦૦૨ થી મે–૧૬ સુધી થયેલ છે. જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા નિર્દેશીત કરાયેલ એવી એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી, જે ખરેખર ડિમાન્ડ બેઈઝ ટેરીફ મુજબ ની જ છે. આ મુજબ, તેઓશ્રી નુ સદર જોડાણ, જે અગાઉ કરાયેલ એલટીપી–૩ પ્રમાણે ની બીલીગ કેટેગરી એટલેકે '' ડિમાન્ડ બેઈઝ ટેરીફ '' મુજબ નુ જ હતુ. એટલેકે હાલ ના તબ્બકે ના એલ.ટી.એમ.ડી ટેરીફ મુજબ નુ જ હોય, તે બાબત નજર સમક્ષ રાખતા, તેમના જોડાણ મા આ મુજબ નીં તબ્દીલી અન્વયે કોઈ રીકવરી કરવાની બાબત, જે ફરીયાદી અરજદાર શ્રી ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી. |
| ૧.૪ | તેમ છતા, સપ્ટેમ્બર–૨૦૧૧ની અસર થી, '' બીલીગ ટેરીફ તબ્દીલી '' બાબતે નો નવો કાયદો જે પીજીવીસીએલ મા અમલવારી મા આવેલ હોય, તો તે કાયદા ની કોઈપણ પ્રકાર ની મૌખીક જાણકારી, જે તેમના સ્થળ પર નિયમીત રીતે બીલીગ કરતા પીજીવીસીએલ ના મીટર રીડરો તરફથી, અરજદાર શ્રી ને, અગાઉ આપવામા આવેલ ન હતી. તેમજ, આ બાબત સબંધક જાણકારી, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી પણ, અરજદાર શ્રી ને લેખીત પત્ર પાઠવીને પણ અગાઉ અપાયેલ ન હતી. ખાસ કરીને, આ મુજબ ની કાર્યવાહી, જે નાણાકીય બાબતો ને આનુષાંગીક કાર્યવાહી હોય, આવી કાર્યવાહી કરતા પહેલા ની આગવી જાણકારી, જે અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી, ખાસ પ્રકાર ની આગવી જાણકારી / નોટીસ વગેરે આપી ને જ કરવાની બાબત કાયદાકીય રીતે યોગ્ય અને ન્યાયિક હોવા છતા, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને, આવી આગવા પ્રકાર ની પત્ર મારફત / નોટીસ પાઠવીને, કોઈ અગાઉ જાણકારી અપાયેલ નથી. આમ, પીજીવીસીએલ ની આ મુજબ ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ને, કાયદાકીય અને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ ન હોવા બાબતે ની, અરજદાર શ્રી એ ફોરમ કમિટી સમક્ષ મૌખીક રજુઆત કરેલ છે. |
| ૧.૫ | ફરીયાદી અરજદાર શ્રી, તેમની રજુઆતના ઉપરોકત મુદદા નં. ૧.૪ માહેની વિગત ના અનુસંધાને, વિશેષ સમર્થન આપતી સ્પષ્ટતાઓ સાથે, ફોરમ કમિટી ને જણાવે છે કે, તેઓ શ્રી ની જાણકારી મુજબ, '' સદર પ્રકાર ની બીલીગ ટેરીફ તબ્દીલી માટે '' પીજીવીસીએલ ની નિગમીત કચેરી રાજકોટ તરફથી, પીજીવીસીએલ ની તમામ કચેરીઓને અપાયેલ પરીપત્ર નં.:પીજીવીસીએલ/ આરએન્ડસી/ ૩૬૮૪ તા.૦૫–૦૪–૧૪ મા વર્ણવ્યા મુજબ ના માર્ગદર્શન પ્રમાણે ''હૈયાત એવા આ મુજબ ની એલટીપી–૩ પ્રકાર ની બીલીગ કેટેગરી વાળા જોડાણકારો ને, તેમના જોડાણ નો કરારીત વીજભાર મુકરર કરવા માટે લેખીત જાણકારી આપી, અને તે પ્રમાણે નુ '' વૈકલ્પીક પસંદગી પત્ર'' જે ગ્રાહક પાસેથી દિન–૩૦ મા સબંધક કચેરી એ મેળવવાની બાબત '' સ્પષ્ટ કરાયેલ છે. નિગમીત કચેરી ના સદર પરીપત્ર મા નિર્દેશીત ધોરણ ને, અરજદાર શ્રી એ મહદઅંશે યોગ્ય ઠરાવી અને માન્ય રાખેલ છે. ખાસ કરીને, તેમના સદર જોડાણ ની બીલીગ કેટેગરી તબ્દીલી, જે સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસર થી નહી પરંતુ, સદર પરીપત્ર મા દર્શાવ્યા મુજબ ની '' વૈકલ્પીક પસંદગી પત્ર'' મેળવવા માટે ની અંતીમ તા.૩૦–૦૬–૧૪ પછી ના માસ એટલેકે જુલાઈ–૧૪ થી, તબ્દીલી મેળવવા માટે ની બાબત અરજદારે વ્યાજબી રાહે માન્ય રાખેલ છે. અને તે મુજબ તેઓ શ્રી ને અપાયેલ સવાલવાળા પુરવણી બીલ ની ગણતરી નો સમયગાળો, જે સપ્ટેમ્બર–૧૧ થી મે–૧૬ સુધી ના ૫૭ માસ ની ગણતરી ના સમયગાળા ને બદલે, જુલાઈ–૧૪ થી મે–૧૬ ના સુધી ના ૨૩ માસ ના સમયગાળા ની ગણતરી પ્રમાણે સવાલવાળુ પુરવણીબીલ રીવાઇઝ કરવા બાબતે, અરજદાર શ્રી એ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સમક્ષ ખાસ – મૌખીક રજુઆત કરેલ છે. તેમજ ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની, સવાલવાળી અરજી મા લેખીત મા પણ આ બાબત જ વર્ણવી, અને તેઓ શ્રી એ આ મુજબ ની મુખ્ય માંગણી ફોરમ સમક્ષ વ્યકત કરેલ છે. |

| | |
|---|---|
| ૧.૬ | વિશેષ મા, ફરીયાદી અરજદાર ફોરમ કમિટી સમક્ષ મૌખીક ચર્ચા કરી અને જણાવે છે કે, તેઓ શ્રી ના અગાઉ ના એલ.ટી.પી–૩ અને હાલ ના એલ.ટી.એમ.ડી ના જોડાણ મા કરારીત વીજભાર જે અગાઉ ૫૧ કીવો હતો. પરંતુ, તેમના જોડાણ વાળા સ્થળ પર, ખરેખર ૫૧ કીવો ના વીજભાર ની જરૂર ન હોય, પરંતુ માત્ર ૨૪ કીવો વીજભાર ની જ જરૂર હોય, તેને આનુષાંગીક રહીને તેઓએ અગાઉ તેઓ શ્રી ના સદર જોડાણ ને, ૫૧ કીવો ના કરારીત વીજભાર મા, ૫૧ કીવોં ના કરારીત વીજભાર ને બદલે, ૨૪ કીવો ના વીજવપરાશી વીજભાર ની ''બીલીગ ડિમાન્ડ કેટેગરી '' હેઠળ આવરી લેવા, માહે નવેમ્બર –૨૦૦૨ થી, ( એટલેકે એલ.ટી.પી–૧ માથી એલ.ટી.પી–૩ મા) તબ્દીલ કરાવેલ હતુ અને તે મુજબ નવેમ્બર –૨૦૦૨ થી મે–૧૬ સુધી ના સમયગાળા દરમ્યાન તેમના જોડાણ મા વીજવપરાશી વીજભાર ૨૪ કીવો ની નિર્ધારીત મર્યાદા જ રહેલ છે. આ મુજબ, તેઓના સદર જોડાણ મા, ૫૧ કીવો ના વીજભાર ની ખરેખર જરૂર રહેતી ન હોવાના કારણોસર,અરજદાર શ્રી એ, હાલમા તેઓ શ્રી ના સદર જોડાણ મા, કરારીત ૫૧ કીવો ના વીજભાર મા ૨૭ કીવો નો વીજભાર ઘટાડી, અને જોડાણ ને ૨૪ કીવો ના કરારીત વીજભાર વાળુ કરવા માટે ની વિધીસર ની અરજી, જે તા.૧૨–૦૫–૧૬ ના રોજ, નિયત નોંધણીચાર્જ રૂ.૪૦૦/–ભરપાઈ કરી અને પીજીવીસીએલ મા નોંધાવી અને તા.૦૭–૦૪–૧૬ થી આ મુજબ ના ૨૪ કીવો વીજભાર ની સ્થિતી દર્શાવતો ટેસ્ટ રીપોર્ટ પણ પીજીવીસીએલ ના સબંધક કચેરી મા રજુ કરી આપેલ છે. જેથી, પીજીવીસીએલ કક્ષાએથી તેમના જોડાણ ને,જુન–૨૦૧૬ ની અસરથી, હવે ૨૪ કીવો ના કરારીત વીજભાર હેઠળ આવરી લઈ અને તે મુજબ નુ, એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ નુ બીલીગ કરવાની કાર્યવાહી હાથ ધરવા અંગે પણ, અરજદારે ફોરમ સમક્ષ મૌખીક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી નુ અગાઉ તા.૦૪–૧૦–૯૬ ના રોજ ના, ૫૧ કીવો ના વીજભાર હેઠળ ચાલુ કરાયેલ એવા મુળ એલટીપી–૧ પ્રકાર ના ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦, કે જેમા અરજદારે તા.૨૯–૧૦–૧૨ ની સ્થિતીએ, સદર જોડાણ ને એલટીપી–૧ બીલીગ કેટેગરી માથી ( મુળ કરારીત એવા ૫૧ કીવો ના વીજભાર વાળા જોડાણ નુ બીલીગ, કરારીત એવા ૫૧ કીવો વીજભાર ને બદલે, વધુમા વધુ વીજવપરાશી એવા ૨૪ કીવો નો વીજવપરાશી વીજભાર મુકરર કરી, અને તે મુજબ વપરાશી ૨૪ કીવો ના વીજવપરાશી વીજભાર ની ગણતરી હેઠળ નુ બીલીગ કરવા સબબ ની તબ્દીલી) એલટીપી–૩ હેઠળ ની તબ્દીલી, જે નવેમ્બર –૨૦૦૨ ની સ્થિતીએ મંજુર કરાવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, તેમના સદર ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા, ૫૧કીવો ના કરારીત વીજભાર ને બદલે, ૨૪ કીવો ના વીજવપરાશી વીજભાર મુજબ (બીલીગ ડિમાન્ડ – એમડી) ડિમાન્ડ બેઈઝ ટેરીફ પ્રમાણે નુ બીલીગ, જે મે–૨૦૧૬ સુધી કરવામા આવેલ છે. |
| ૨.૨ | ત્યારબાદ, માહે સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસર થી, નામદાર જીઈઆરસી પ્રારીત, બીલીગ ટેરીફ અમલમા આવતા, આ ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ, ૪૦ કીવો થી વિશેષ કરારીત વીજભાર ધરાવતા એવા અગાઉ ના, એલએફડી–૨, એલટીપી–૧, એલટીપી–૨, એલટીપી–૩ વગેરે મુજબ ના બીલીગ કેટેગરી વાળા જોડાણો ને, આવી બીલીગ કેટેગરી માથી '' એલ.ટી.એમ.ડી '' બીલીગ કેટેગરી હેઠળ તબ્દીલ કરવાની માર્ગદર્શીકા છે. તદઉપરાંત, પીજીવીસીએલ ની નિગમીત કચેરી તરફથી પણ, પીજીવીસીએલ ની પ્રત્યેક કચેરીઓને, પરીપત્ર નં.: પરીપત્ર નં.:પીજીવીસીએલ/ આરએન્ડસી/ ૩૬૮૪ તા.૦૫–૦૪–૧૪ પાઠવી અને અપાયેલ માર્ગદર્શક જાણકારી મુજબ, અગાઉ ની ખાસ કરીને એલટીપી–૩ પ્રકાર ની બીલીગ કેટેગરી મુજબ ના જોડાણકારો / ગ્રાહકો ને, પીજીવીસીએલ તરફથી પત્ર પાઠવી અને, તેઓ શ્રી ના સદર પ્રકાર ના હૈયાત એવા એલટીપી–૩ મુજબ ના જોડાણ નો કરારીત વીજભાર – જે મુળ કરારીત વીજભાર મુજબ/ અથવા તો અરજદાર જે વીજભાર કરારીત જાહેર કરે તે મુજબ– નો લેખીત ''વૈકલ્પીક પસંદગી પત્ર '', જે અરજદાર પાસેથી, દિન–૩૦ મા એટલેકે તા.૩૦–૦૬–૧૪ પહેલા મેળવી લઈ, અને તે ''વૈકલ્પીક પસંદગી પત્ર '' ના આધારે, આવા ગ્રાહકો ના સદર હૈયાત એવા એલટીપી–૩ મુજબ ના જોડાણકારો ને, એલ.ટી.એમ.ડી કેટેગરી મા સમાવવા માટે ની, ખાસ સુચના સાથે નુ માર્ગદર્શન પણ, પ્રત્યેક સબંધક કચેરીઓને નિગમીત કચેરી રાજકોટ તરફથી અપાયેલ હતુ. |

| | |
|---|---|
| **૨.૩** | પરંતુ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની, નામદાર જીઈઆરસી ના, સપ્ટેમ્બર–૨૦૧૧ થી અમલીએવા ટેરિફ કોડ માહેની માર્ગદર્શીકા અન્વયે ના, પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના માર્ગદર્શક પરીપત્ર ની અમલવારી, જે તે સમયે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સદર ગ્રાહક ને લેખીત પત્ર આપી અને, તેમની પાસેથી લેખીત '' વૈકલ્પીક પસંદગી પત્ર '' તા.૩૦–૦૬–૧૪ સુધી ના સમયગાળા મા મેળવી લેવાની કોઈ કાર્યવાહી પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી થયેલ ન હતી. પીજીવીસીએલ ની સબંધક કચેરી ની સદર ભુલ, પીજીવીસીએલ ની ઓડિટ ટીમ ના ધ્યાને આવતા, ભુલ સુધારણા ના ભાગરૂપ એવી– સદર ટેરીફ ઓર્ડર ના અમલી સમયગાળા, એટલેકે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના સમયગાળા મા, અરજદાર ના સદર એલટીપી–૩ જોડાણ મા, આ સમયગાળા ના થયેલ અગાઉ ના ૫૭ મહિના ના બીલો ને, '' એલટીપી–૩ ની બીલીગ કેટેગરી ( ડિમાન્ડ બેઈઝ બીલીગ માથી) એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી ( ડિમાન્ડ બેઈઝ ટેરીફ મા જ) મા '' તબ્દીલ કરવાની કાર્યવાહી ની દરખાસ્ત, ઓડિટ ટીમ દ્રારા, સબંધક પેટા વિભાગીય કચેરી ને, સદર જોડાણ માટે કરાયેલ હતી. |
| **૨.૪** | આમ, ઉપરોકત મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે ની, ફરીયાદી અરજદાર શ્રી ના સદર એલટીપી–૩ કેટેગરી હેઠળ ના જોડાણ નં. ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા થયેલ બીલીગ ભુલ સુધારણા ની કાર્યવાહી ના ભાગરૂપ, સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમના સદર એલટીપી–૩ કેટેગરી હેઠળ ના જોડાણ નં. ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા, અગાઉ થયેલ માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના ૫૭ માસ ના સમયગાળા ના, એલટીપી–૩ કેટેગરી હેઠળ ના ૨૪ કીવો ના વીજભાર ના બીલીગ ને, જોડાણ ના ખરેખર કરારીત એવા ૫૧ કીવો ના વીજભાર હેઠળ – એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ આવરી લઈ અને, તે મુજબ નુ બીલીગ, સદર જોડાણ ના બીલીગ એકાઉન્ટ મા તબ્દીલ કરાયેલ હતુ. સદર તબ્દીલી મુજબ ના માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ ના સમયગાળા ની બીલીગ તબ્દીલી અન્વયે ની તફાવતીય એવી હિસાબકીય બીલીગ ની કુલ રકમ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ નુ પુરવણીબીલ, જે માહે મે–૧૬ ના બીલ મારફત – જે પુરવણી બીલ ના રૂપ મા, ફરીયાદી અરજદાર શ્રી ને – પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી આપવામા આવેલ છે, જે યોગ્ય છે. |
| **૨.૫** | ઉપરોકત મુદ્દા નં.૨.૪ મુજબ ની વિગતે અપાયેલ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ ના પુરવણી બીલ નો સમયગાળો, જે પ્રાશ્ચ્યાત અસર થી એટલેકે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ નો નહી, પરંતુ નિગમીત કચેરી રાજકોટ ના પરીપત્ર નં.:પીજીવીસીએલ/ આરએન્ડસી/ ૩૬૮૪ તા.૦૫–૦૪–૧૪ મા કરાયેલ માર્ગદર્શીકા મુજબ, વૈકલ્પીક પસંદગી પત્ર સ્વીકાર્યા ની અંતીમ તા.૩૦–૦૬–૧૪ પછી ના તુરંત જ ના માસ એટલેકે જુલાઈ–૨૦૧૪ ના માસ થી અસરકર્તા એવા, જુલાઈ–૨૦૧૪ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૨૩ માસ માટે તબ્દીલી અન્વયે ની હિસાબકીય રકમ અન્વયે ની આકારણી મુજબ નુ પુરવણીબીલ આપવા બાબતે ની, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય માંગણી છે. પરંતુ, સદર બાબત, નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર, જે સપ્ટેમ્બર–૨૦૧૧ થી અમલમા હોય, તેને આનુષાંગીક રહીને અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા રૂ.૧,૧૯,૪૨૮/૨૪ ના પુરવણી બીલ, કે જેનો અસરકર્તા સમયગાળો, જે સપ્ટેમ્બર–૨૦૧૧ થી, એટલેકે પ્રાશ્ચ્યાત અસર થી, એટલેકે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ નો આકારવામા આવેલ છે, તે બાબત યોગ્ય છે. |
| **૨.૬** | હાલમા, ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧.૬ મુજબ ની વિગતે ની રજુઆત અન્વયે, તેમના હૈયાત એલટીપી–૩ વાળા જોડાણ નો, કરારીત વીજભાર, જે અગાઉ ૫૧ કીવો નો હતો, તેમા ૨૭ કીવો નો વીજભાર ઘટાડો કરી, અને જોડાણ ને ૨૪ કીવો ના કરારીત વીજભાર વાળુ કરવા સબબ ની પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, જે વિધીસર ની વીજભાર ઘટાડા સબબ ની નિયત અરજી સાથે, રૂ.૪૦૦/– તા.૧૨–૦૫–૧૬ ના રોજ ભરપાઈ કરી અને અરજી નોંધાવેલ છે. તેમજ, જોડાણ મા ૨૪ કીવો નો વીજભાર વીજવપરાશી હોવા સબબ નો, તા.૦૭–૦૪–૧૬ ના રોજ નો ટેસ્ટ રીપોર્ટ પણ અરજદારે સબંધક કચેરી મા રજુ કરેલ છે. જેથી, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી ના અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી નુ, સદર જોડાણ નં. ૮૧૬૦૧/૦૦૨૭૦/૦, જે હાલ ૫૧ કીવો કરારીત વીજભાર હેઠળ એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ રહેલ છે, તે જોડાણ ને ૫૧ કીવો ના કરારીત વીજભાર ને બદલે, ૨૪ કીવો ના કરારીત વીજભાર હેઠળ, જે માહે જુન–૧૬ ની અસર થી અમલી બનાવી, અને તે મુજબ ના ફેરફાર, સદર જોડાણ ના બીલીગ ખાતામા ( પી.આર.ટી.–૧૪૫ મા) કરી, અને તે મુજબ, સદર એલ.ટી.એમ.ડી જોડાણ નુ બીલીગ, જુન–૧૬ થી ૨૪ કીવો ના કરારીત વીજભાર હેઠળ ની એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ કરવામા આવશે. |

| મુદદા નં.-૩ : | : નિષ્કર્ષ : |
|---|---|
| ૩. | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી શ્રી નુ, મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે નુ અગાઉ નુ તા.૦૪–૧૦–૯૬ ના રોજ, જે તે સમય ની, એલટીપી–૧ કેટેગરી હેઠળ ના ૬૮ હોપા ( ૫૧ કીવો ) ના વીજભાર સાથે ચાલુ કરાયેલ જોડાણ ને, અરજદાર શ્રી એ, માહે નવેમ્બર –૨૦૦૨ ની સ્થિતીએ, સદર જોડાણ ને એલટીપી–૧ બીલીગ કેટેગરી માથી ( મુળ કરારીત એવા ૫૧ કીવો ના વીજભાર વાળા જોડાણ નુ બીલીગ, કરારીત એવા ૫૧ કીવો વીજભાર ને બદલે, વધુમા વધુ વીજવપરાશી એવા ૨૪ કીવો ના મુકરર વીજભાર મુજબ, વપરાશી ૨૪ કીવો ની ગણતરી હેઠળ નુ બીલીગ કરવા સબબ ની તબ્દીલી) એલટીપી–૩ હેઠળ ની તબ્દીલી, જે પીજીવીસીએલ મા વિધીસર ની અરજી આપી અને મંજુરી મેળવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના સદર ઓધોગીક વીજજોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ ને, એલટીપી–૧ બીલીગ કેટેગરી માહેના ૫૧કીવો ના કરારીત વીજભાર ને બદલે, એલટીપી–૩ બીલીગ કેટેગરી મુજબ ના ૨૪ કીવો વીજવપરાશી વીજભાર મુજબ નુ બીલીગ, જેતે સમયે ડિમાન્ડ બેઈઝ ટેરીફ પ્રમાણે નુ બીલીગ, જે પીજીવીસીએલ તરફથી, માહે મે–૨૦૧૬ સુધીના બીલીગ સમયગાળા દરમ્યાન કરવામા આવેલ હતુ. આ બાબત ને, રેકર્ડ આધારીત સમર્થન આપતા દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. તેમજ, સદર બાબત ને પીજીવીસીએલ તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે સમર્થન પણ અપાયેલ છે. |
| ૩.૨ | ત્યારબાદ, માહે સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસર થી, નામદાર જીઈઆરસી પ્રારીત, બીલીગ ટેરીફ ઓર્ડર અમલવારી મા આવેલ હતો. સદર ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ, ૪૦ કીવો થી વિશેષ કરારીત વીજભાર ધરાવતા એવા અગાઉ ના, એલએફડી–૨, એલટીપી–૧, એલટીપી–૨, એલટીપી–૩, તથા વૈકલ્પીક પસંદગી મેળવનાર એવા નોન આરજીપી વગેરે મુજબ ના બીલીગ કેટેગરી વાળા જોડાણો ને, આવી બીલીગ કેટેગરી માથી '' એલ.ટી.એમ.ડી '' બીલીગ કેટેગરી હેઠળ તબ્દીલ કરવાની માર્ગદર્શીકા છે. જેથી, નામદાર જીઈઆરસી પ્રારીત સદર '' બીલીગ ટેરીફ ઓર્ડર '', જે માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી અમલવારી મા આવેલ હોય, સદર ટેરીફ ની, માહે સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસરથી, અગાઉ ની આ મુજબ ની બીલીગ કેટેગરી ના જોડાણો ને, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ પરીવર્તન કરવાની બાબત, વીજવિતરણ કંપની માટે નિયમાધીન આવશ્યક હતી. ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ પણ, અગાઉ એલટીપી–૩ બીલીગ કેટેગરી હેઠળ નુ જ હતુ, જેથી, સદર જોડાણ ને પણ સપ્ટેમ્બર–૨૦૧૧ ની અસર થી, એલટીપી–૩ બીલીગ કેટેગરી ને બદલે, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ સમાવિષ્ટ કરવાની કાર્યવાહી પણ, જે તે સબંધક કચેરીએ, યોગ્ય સમયે કરવી જરૂરી હોવા છતા, યોગ્ય સમયે કરાયેલ ન હતી. |
| ૩.૩ | વીજવિતરણ કંપની મા પ્રવર્તમાન એવી નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૭૬ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, '' હૈયાત જોડાણ ના સ્ટેટસ અથવા તો બીલીગ કેટેગરી મા, સમયાંતરે થતા નિયમાધીન ફેરફારો '' ની જાણકારી, જે તે ગ્રાહક ને, ખાસ પત્ર / નોટીસ દ્રારા આપી, અને તે અન્વયે, સદર પ્રકાર ની કેટેગરી વાળા જોડાણકારો પાસેથી, પત્ર / નોટીસ પાઠવ્યા પછી ના ૩૦ દિવસ ની સમયમર્યાદા મા, તેમના જોડાણ ની યથા યોગ્ય કેટેગરી સુનિશ્ચીત કરાયા બાબતે નો, આવા જોડાણકારો પાસેથી '' વૈકલ્પીક પસંદગી પત્ર'' મેળવ્યા બાદ જ, તેમના હૈયાત જોડાણ ની બીલીગ કેટેગરી મા, ફેરફાર કરવાની બાબત વીજકંપની માટે નિયમાધીન છે. પરંતુ,અરજદાર ના સદર કેઈસ મા, અરજદાર શ્રી ના અગાઉ ના એલટીપી–૩ બીલીગ કેટેગરી હેઠળ ના જોડાણ ને, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ તબ્દીલ કરવા બાબતે ની, સદર પ્રકાર ની જીઈઆરસી ના નિયમાધીન માર્ગદર્શીકા અન્વયે ની કોઈ આગવી પ્રક્રીયા, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી થયેલ ન હતી. આ બાબતે નો સ્વીકાર પણ પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૪ | વિશેષ મા, ઉપરોકત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે ની, નામદાર જીઈઆરસી ની માર્ગદર્શીકાના અનુસંધાન, પીજીવીસીએલ ની નિગમીત કચેરી તરફથી પણ, પીજીવીસીએલ ની પ્રત્યેક કચેરીઓને, પરીપત્ર નં.: પરીપત્ર નં.:પીજીવીસીએલ/ આરએન્ડસી/ ૩૬૮૪ તા.૦૫-૦૪-૧૪ પાઠવી અને અપાયેલ માર્ગદર્શક જાણકારી મુજબ, અગાઉ ની ખાસ કરીને એલટીપી-૩ પ્રકાર ની બીલીગ કેટેગરી મુજબ ના જોડાણકારો / ગ્રાહકો ને, પીજીવીસીએલ તરફથી પત્ર પાઠવી અને, તેઓ શ્રી ના સદર પ્રકાર ના હૈયાત એવા એલટીપી-૩ મુજબ ના જોડાણ નો કરારીત વીજભાર – જે મુળ કરારીત વીજભાર મુજબ/ અથવા તો અરજદાર જે વીજભાર કરારીત જાહેર કરે તે મુજબ- નો લેખીત ''વૈકલ્પીક પસંદગી પત્ર ( ગ્રાહક શ્રી ની સહી સાથે નુ નિયત ઓપ્સન ફોર્મ) '', જે અરજદાર પાસેથી, દિન-૩૦ મા એટલેકે તા.૩૦-૦૬-૧૪ પહેલા મેળવી લઈ, અને તે ''વૈકલ્પીક પસંદગી પત્ર '' ના આધારે, આવા ગ્રાહકો ના સદર હૈયાત એવા એલટીપી-૩ મુજબ ના જોડાણકારો ને, એલ.ટી.એમ.ડી કેટેગરી મા સમાવવા માટે ની, ખાસ સુચના સાથે નુ માર્ગદર્શન પત્ર, જે નમુનાનો નિયત ઓપ્સન ફોર્મ સાથે નો પત્ર, જે પ્રત્યેક સબંધક કચેરીઓને નિગમીત કચેરી રાજકોટ તરફથી અપાયેલ હતો. પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર ના સદર કેઈસ મા, આ મુજબ ની, નિગમીત કચેરી ના માર્ગદર્શક પરીપત્ર મુજબ ની કાર્યવાહી, નિયમાધીન કરવા યોગ્ય હોવા છતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, અરજદાર શ્રી ના અગાઉ ના એલટીપી-૩ બીલીગ કેટેગરી હેઠળ ના જોડાણ ને, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ તબ્દીલ કરવા બાબતે ની, સદર પ્રકાર ની, પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના પરીપત્ર મા કરાયેલ માર્ગદર્શીકા અન્વયે ની કોઈ આગવી પ્રક્રીયા, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી થયેલ ન હતી. આ બાબતે નો સ્વીકાર પણ પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે થયેલ છે. |
| ૩.૫ | આમ, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા, ઉપર્યુકત મુદદા નં. ૩.૩ અને ૩.૪ મુજબ ની વિગતે ની કોઈપણ પ્રકાર ની આગવી કાર્યવાહી કર્યા વગર, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ નં. ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા થયેલ, માહે સપ્ટેમ્બર-૨૦૧૧ ની અસર થી રહેલ, સબંધક પેટા વિભાગીય કચેરી ની બીલીગ ભુલ ને, ભુલ સુધારણા ની કાર્યવાહી મા આવરી લઈ, સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમના સદર એલટીપી-૩ કેટેગરી હેઠળ ના જોડાણ નં. ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા, પાશ્ચ્યાત અસર થી, એટલેકે માહે સપ્ટેમ્બર-૨૦૧૧ની અસરથી, માહે સપ્ટેમ્બર-૨૦૧૧ થી મે-૨૦૧૬ સુધી ના ૫૭ માસ ના સમયગાળા ના, અગાઉ ના થયેલ એલટીપી-૩ કેટેગરી હેઠળ ના ૨૪ કીવો ના વીજભાર ના બીલીગ ને, જોડાણ ના ખરેખર કરારીત એવા ૫૧ કીવો ના વીજભાર હેઠળ ની એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ આવરી લઈ અને, તે મુજબ નુ બીલીગ, સદર જોડાણ ના બીલીગ એકાઉન્ટ મા તબ્દીલ કરાયેલ હતુ. અને, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સદર જોડાણ મા, આ મુજબ ની બીલીગ તબ્દીલી અન્વયે નુ, માહે સપ્ટેમ્બર-૨૦૧૧ થી મે-૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ ના સમયગાળા ની – બીલીગ તબ્દીલી અન્વયે ની તફાવતીય એવી હિસાબકીય બીલીગ ની કુલ રકમ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ નુ પુરવણીબીલ, જે માહે મે-૧૬ ના બીલ મા અપાયેલ છે. |
| ૩.૬ | આમ, ઉપર્યુકત મુદદા નં. ૩.૩ અને ૩.૪ મુજબ ની વિગતે, નામદાર જીઈઆરસી પ્રારીત ધોરણ અને નિગમીત કચેરી ની માર્ગદર્શીકા મુજબ ની, નિયમાધીન અંતર્ગત ની આગવી પ્રક્રીયા કર્યા વગર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને, મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતે નુ, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સદર જોડાણ મા, એલટીપી-૩ માથી એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી મા કરાયેલ બીલીગ તબ્દીલી અન્વયે નુ, પાશ્ચ્યાત સમયગાળા થી અસરકર્તા એવુ, માહે સપ્ટેમ્બર-૨૦૧૧ થી મે-૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ ના સમયગાળા ની, બીલીગ તબ્દીલી અન્વયે ની તફાવતીય એવી હિસાબકીય બીલીગ ની કુલ રકમ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ નુ, જે પુરવણીબીલ, અરજદાર શ્રી ને તેમના જોડાણ ના માહે મે-૧૬ ના બીલ મા અપાયેલ છે, તે પુરવણીબીલ નો સદર પાશ્ચ્યાત સમયગાળા થી અસરકર્તા એવો સમયગાળો, જે જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની, પીજીવીસીએલ ની નિગમીત કચેરી ની માર્ગદર્શીકા મુજબ નો જણાયેલ ન હોય, સદર આકારણીય એવો, માહે સપ્ટેમ્બર-૨૦૧૧ થી મે-૨૦૧૬ સુધી નો ના કુલ ૫૭ માસ નો સમયગાળો ફોરમ કમિટી ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી. |

| | |
|---|---|
| ૩.૭ | આમ, ઉપરોકત મુદદા નં.૩.૬ મુજબ ની વિગતે વર્ણવ્યા મુજબ નો, અરજદાર શ્રી ના સદર જોડાણ ના પુરવણીબીલ ની રકમ રૂ.૧,૧૯,૪૨૮/૨૪ નો આકારણી સમયગાળો, જે માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ નો સમયગાળો, જે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી નથી. જેથી, સદર આકારણી નો સમયગાળો, જે પ્રાશ્ચ્યાત અસર થી એટલેકે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૫૭ માસ નો નહી, પરંતુ નિગમીત કચેરી રાજકોટ ના પરીપત્ર નં.:પીજીવીસીએલ/ આરએન્ડસી/ ૩૬૮૪ તા.૦૫–૦૪–૧૪ મા કરાયેલ માર્ગદર્શીકા મુજબ, વૈકલ્પીક પસંદગી પત્ર સ્વીકાર્યા ની અંતીમ તા.૩૦–૦૬–૧૪ પછી ના તુરંત જ ના માસ એટલેકે જુલાઈ–૨૦૧૪ ના માસ થી અસરકર્તા એવા, જુલાઈ–૨૦૧૪ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૨૩ માસ નો હોવાની બાબત, સદર કેઈસ મા, ફોરમ કમિટી ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. |
| ૩.૮ | જેથી, ફરીયાદી અરજદાર શ્રી ના, સદર જોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦ મા, અગાઉ ના એલટીપી–૩ બીલીગ કેટેગરી ને , હાલ ની એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી મા તબ્દીલ કરવા માટે નો, આકારણીય તફાવતીય રકમ નો સમયગાળો, જે માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી મે–૨૦૧૬ સુધી ના ૫૭ માસ નહી, પરંતુ જુલાઈ–૨૦૧૪ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૨૩ માસ નો કરવા બાબતે, અને તે મુજબ નવેસર થી, સમયગાળા માહે જુલાઈ–૨૦૧૪ થી મે–૨૦૧૬ સુધી ના કુલ ૨૩ માસ નુ બીલીગ તબ્દીલી અન્વયે ની તફાવતીય રકમ નુ, પુરવણીબીલ, જે ખાસ પત્ર સાથે, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦મા અરજદાર શ્રી ને પાઠવવાનો, આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૯ | તદઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમની મુદદા નં. ૧.૬ મા વર્ણવ્યા મુજબ ની વિગત ને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૬ મુજબ ની વિગતે રેકર્ડ આધારીત સમર્થન આપવામા આવેલ છે. જે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ નં.: ૮૧૬૦૧/૦૦૨૭૦/૦, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ પી.આર.ટી.–૧૪૫ મા થયેલ નોંધ મુજબ, જાન્યુઆરી–૨૦૧૧ થી મે–૧૬ સુધી, એલટીપી–૩ કેટેગરી હેઠળ ના, ૫૧ કીવો ના કરારીત વીજભાર અન્વયે ના, મહતમ ૨૪ કીવો ના વીજવપરાશી વીજભાર હેઠળ રહેલ છે. આ જોડાણ હાલ એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ રહેલ છે, તે જોડાણ ના ૫૧ કીવો ના કરારીત વીજભાર ને બદલે, ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, ૨૭ કીવો નો વીજભાર ઘટાડી અને ૨૪ કીવો ના કરારીત વીજભાર મુજબ નુ કરવા માટે, રૂ.૪૦૦/– નોંધણીચાર્જ, જે તા.૧૨–૦૫–૧૬ ના રોજ ભરપાઈ કરી અને, ૨૪ કીવો ના વીજભાર લદાયેલ હોવા બાબતે નો તા.૦૭–૦૪–૧૬ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પણ કચેરી મા રજુ કરી આપેલ છે. જેથી, ૫૧ કીવો ના કરારીત વીજભાર વાળા સદર જોડાણ ને, ૨૪ કીવો ના કરારીત વીજભાર હેઠળ ની, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી મા, માહે જુન–૧૬ ની અસર થી અમલી બનાવી, અને તે મુજબ ના ફેરફાર, સદર જોડાણ ના બીલીગ ખાતામા ( પી.આર.ટી.–૧૪૫ મા) કરી, અને તે મુજબ, સદર એલ.ટી.એમ.ડી જોડાણ નુ બીલીગ, જુન–૧૬ થી ૨૪ કીવો ના કરારીત વીજભાર હેઠળ ની એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી હેઠળ, સમાવિષ્ટ કરાયા સબબ ની જાણકારી આપતાં, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જે અરજદાર શ્રી ને ખાસ પત્ર, જે દિન–૧૦મા, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.–૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૮ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ પુરવણીબીલ રીવાઇઝ કરવા બાબતે, તેમજ મુદ્દા નં. ૩.૯ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ, જુન–૨૦૧૬ ની અસરથી, ૨૪ કીવો ના કરારીત વીજભાર હેઠળ ની, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી મા સમાવી લેવાની, તમામ કાર્યવાહી, દિન–૧૦ મા, અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પૂર્ણ કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..